# How To Apply

## ૧) યોજના પસંદ કરી “Apply Now” પર ક્લિક કરો:-




## ૨) ફોર્મ માં તમામ વિગતો ભરી ફોર્મ “Submit” કરો:-



## 3)ફોર્મ ભર્યા બાદ તમારો “Confirmation No.” નોંધી લેવો:-




## ૪) ફોર્મ માં સુધારા કરવા માટે “Edit Application” પર ક્લિક કરો:-



**૫) Photo અને Signature અપલોડ કરવા “Menu” મા “Upload Photo” પર ક્લિક કરવું:-**




**૬) Document અપલોડ કરવા “Menu” મા “Upload Document” પર ક્લિક કરવું:-**



**7) Application આગળ મોકલ વા Menu માં “Confirm Application” પર ક્લિક કરવું, તે બાદ Photo માં દર્શાવ્યા મુજબ “Yes(હા)” પર ક્લિક કરયા બાદ “Confirm Application” પર ક્લિક કરવું.**




**૮) Confirm કરેલી Application ની Print Out લઇ લેવી.**

## તમે જયારે GGDC માટે APPLY કરો છો ત્યારે તમને નીચે દર્શાવેલા બાંહેધરીપત્રક મુજબ સરતો માનવા ની રહેશે અને STEPS FOLLOW કરવાના રહેશે:-

૧. હું શ્રી .............. સોગંદપૂર્વક જણાવું છુ કે આ અરજીપત્રકમાં જે કોઇ વિગતો દર્શાવી છે તેમજ નકલો અને દાખલાઓ મેં આપેલા છે તે મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે. તેમાં પાછળથી કોઇપણ વિગતો/દાખલાઓ/નકલો સાચા ન હોવાનું સાબિત થશે તો મને મળેલ લોનની પુરેપુરી રકમ થયેલ ખર્ચ અને વ્યાજ સહીત તુરત જ ભરપાઇ કરવાની બાંહેધરી અને ખાત્રી આપુ છું.

૨. લોન લેવા માટે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગર તેમજ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની જે કોઇ શરતો/બોલીઓ અને નિયમો છે તે મને બંધનકર્તા રહેશે તેમજ ભવિષ્યમાં કોઇ શરતો અને બોલીઓ નકકી થશે તે પ્રમાણે વર્તવા હું બાંહેધરી આપુ છું.

૩. હું અગર મારા કુટુંબના કોઇ સભ્ય હાલ કોઇ બેંકની કે સંસ્થાનો મુદત વિત્યાનો બાકીદાર નથી. વળી મેં કોઇ બેંકમાંથી કે રાજય સરકાર દ્વારા સીધા ધિરાણની યોજના હેઠળ સાધન મેળવવા કે વ્યવસ્થા કરવા કોઇ લોન/ધિરાણ મેળવેલ નથી. આ અરજી કરેલ લોન મને મળશે તો તે જ હેતુસર ધંધો / વ્યવસાય કરવા, નિયમીત હપ્તા ભરવા, તેનો વિમો લેવા, નિગમના તરફ હાઇપોથીકેશન કરવા તેમજ નિયમીત હપ્તા ન ભરૂ તો રેવન્યુ રાહે વ્યાજ તેમજ દંડનીય વ્યાજ સહિત બાકી રકમ ભરપાઇ કરવા બંધાઉ છુ

૪. સદરહું યોજનાનો લાભ મને મળશે તો હું મારા અને મારા કુટુંબના આર્થિક ઉત્કર્ષ માટે જ ઉપયોગમાં લઇશ તેમજ તેને અન્ય કોઇને ગીરો / વેચાણ કે બક્ષીશ આપીશ નહી. મને મળેલ લોન / ધિરાણની ઉપયોગ નવી અસ્કયામતો/સાધનો ઉભા કરીને નવી આજીવિકા-રોજી ઉભી કરવા માટે બાંહેધરી આપુ છું. જો આવા નાણાં કોઇ હયાત ધંધા સામે એડજસ્ટ કરૂ અથવા જે હેતુ માટે લોન મળી છે તે સિવાયના હેતુ માટે વાપરૂ તો નિગમ મારી સામે ફોજદારી રાહે પગલાં લઇ શકે છે. તેની પણ કબુલાત આપુ છું.

૫. મારા કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા...........છે.

૬. હું બી.પી.એલ.લાભાર્થી છું, મારો બી.પી.એલ.નંબર................ સ્કોર ........ છે.

૭ મારો આધારકાર્ડ નંબર.......... છે. જેનુ મારા બેન્ક એકાઉન્ટ સાથે સિડીંગ કરવાની સંમતિ આપુ છું.